1. અનુસૂચિત જનજાતિની મુખ્ય લાક્ષણિકતાઓ જણાવો.

- અનુસૂચિત જનજાતિને 'Scheduled Tribes' (એસટી) તરીકે ઓળખવામાં આવે છે. 'આદિમજાતિઓ', 'આદિવાસીઓ' કે 'આદિમ સમુદાયને બંધારણની કલમ 342(ક)માં રાષ્ટ્રપતિ દ્વારા બહાર પાડેલ યાદી અનુસાર જેનો સમાવેશ થયો છે, તેને 'અનુસૂચિત જનજાતિ' તરીકે ઓળખવામાં આવે છે. અનુસૂચિત જનજાતિનાં લક્ષણો : સમાજશાસ્ત્રી ડૉ. મજમુદારઅને મદને અનુસૂચિત જનજાતિનાં સર્વસામાન્ય લક્ષણો નીચે મુજબ દર્શાવ્યાં છે :
- 1. નિશ્ચિત પ્રદેશ : અનુસૂચિત જનજાતિને 'પ્રાદેશિક સમૂહ' કહે છે. દરેક સમૂહ ચોક્કસ પ્રદેશમાં પેઢી દર પેઢી વસવાટ કરે છે. વસવાટના પ્રદેશ સાથે તેમનો ગાઢ સંબંધ હોય છે. 'મુંડા', 'હો', 'ગારો' આદિમજાતિઓ સંપૂર્ણપણે પ્રાદેશિકતાને વળગી રહે છે. જ્યારે 'સંથાલ', 'ભૂમિજ', 'ભીલ' વગેરે આદિમજાતિ સભ્ય સમાજના સભ્યો સાથે પણ વસવાટ કરે છે. કેટલાક પ્રદેશમાં આદિમજાતિઓ વર્ષના અમુક મહિનાઓ કામ મેળવવા માટે પોતાનો પ્રદેશ છોડી અન્યત્ર પણ જાય છે.
- 2. નિશ્ચિત નામ : પ્રત્યેક અનુસૂચિત જનજાતિ સમૂહને પોતાનું આગવું પ્રાદેશિક નામ હોય છે. કેટલાક સમૂહને પેટાનામ પણ હોય છે. સમૂહના નામની પાછળ દંતકથાઓ હોય છે. નિશ્ચિત નામ તેઓનો ચોક્કસ સમૂહ સૂચવે છે. ભારતમાં કેટલીક આદિમજાતિઓમાં જ્ઞાતિઓનાં. નામ જેવી વિવિધતા જોવા મળે છે. ગુજરાતમાં 'ભીલ', 'કોળી' વગેરે આદિમજાતિઓમાં સમૂહગત નામનું વિશેષ મહત્વ હોય છે. 3.
- નિશ્ચિત બોલી : મોટા ભાગના સમૂહને તેમની પોતાની ચોક્કસ બોલી અથવા ભાષા હોય છે. અસમના નાગા આદિમજાતિમાં 'કોન્યાક', અંગામી', 'રંગમા'જેવાં પેટાજૂથોને પોતાની અલગ અલગ બોલીઓ છે. ગુજરાતની અનુસૂચિત જનજાતિઓમાં 'ડાંગી', 'ભીલોડી', 'કોંકણી', 'ભીલી', 'વારલી', 'માવચી', 'કોલચી', 'કાથોડી, 'કોટવાલી' વગેરે બોલીઓ છે. 'ભીલ', 'ભૂમિજ' વગેરે આદિમજાતિઓ પ્રાદેશિક ભાષાને પણઅપનાવે છે.
- 4. સગાઈ સંબંધોનું ગુંફન : અનુસૂચિત જનજાતિઓનું સમગ્ર જીવન સગાઈ સંબંધોના ગુંફનના આધારે ગોઠવાયેલું હોય છે. સગાઈ સંબંધોનો વૈજ્ઞાનિક અભ્યાસ દર્શાવે છે કે તેઓની આર્થિક, સામાજિક, ધાર્મિક વગેરે પ્રવૃત્તિઓમાં સગાઈ સંબંધ મહત્ત્વનો ભાગ ભજવે છે. કેટલાંક નાના ગામડાંઓમાં આદિમજાતિનાં બધાં કટુંબો એકબીજા સાથે લગ્ન અથવા રક્તસંબંધથી જોડાયેલાં હોય છે. આથી તેમનામાં સંપ અને એકતાની ભાવના પ્રબળ હોય છે. જન્મ, લગ્ન, મૃત્યુ વગેરે જેવા જીવનના મહત્ત્વના વિવિધ પ્રસંગો અને વ્યવહારમાં તેમજ ધાર્મિક વિધિઓમાં સગાઈ સંબંધનું વિશિષ્ટ મહત્ત્વ હોય છે. શ્રાવિધિ, પૂર્વજપૂજા અને શુભ કે અશુભ પ્રસંગોએ સગાઈ સંબંધ પર આધારિત રૂઢિઓ, આચારો, નિયમો અને રિવાજો દ્વાર સમૂહના સભ્યના વર્તનને નિયંત્રિત કરી અમુક નિશ્ચિત દિશામાં પ્રવાહિત કરવામાં આવે છે.
- 5. આદિમજાતિ પંચ (Tribal Panchayat) : દરેક અનુસૂચિત જાતિ સમૂહને પોતાનું 'પંચ' હોય છે. આ પંચની પ્રભાવશાળી અસર હોય છે. આદિમજાતિ પંચ એ આદિમજાતિની નોંધપાત્ર લાક્ષણિકતા છે. આદિમજાતિમાં પંચનું આગવું અને કેન્દ્રીય સ્થાન છે. 'પંચ કહે તે પરમેશ્વર' તે વિચારસરણીએ તેમના સમાજમાં કોર્ટઅને ન્યાયાધીશનું કામ 'આદિજાતિ પંચ' કરે છે. આદિમજાતિ પંચ પોતાના સમૂહના સામાજિક વ્યવહારોનું સંચાલન તેમજ પરંપરાગત રિવાજોનું પાલન કરાવવાની જવાબદારી સંભાળે છે. લગ્ન અને છૂટાછેડાના પ્રશ્નો, કૌટુંબિક ઝઘડાઓ, લેણદેણ, જમીન અને મહિલાને લગતા ઝઘડાઓ, ચોરી, દગાખોરી, ધાર્મિક વિધિ વિધાનો, ઉત્સવો વગેરે સર્વ બાબતોમાં 'આદિમજાતિ પંચ' સર્વોપરી સત્તા ધરાવે છે. પંચનો ચુકાદો સમૂહના બધા સભ્યોને માન્ય હોય છે. વર્તમાન સમયમાં પોલીસતંત્ર, કાયદા અને ન્યાયતંત્રને કારણે પંચની ભૂમિકા, સત્તા અને

કામગીરી મર્યાદિત બન્યાં છે. આમ છતાં, તેઓમાં આંતરિક વ્યવસ્થા અને સામાજિક નિયંત્રણ અર્થે પંચપ્રથાને પ્રાધાન્ય આપવામાં આવે છે.

- 6.યુવા સંગઠન (Youth Organization) : આદિમજાતિમાં યુવા સંગઠનો કેન્દ્રસ્થાને હોય છે. આવાં સંગઠનોને 'યુવાગૃહો' તરીકે ઓળખવામાં આવે છે. બધી આદિમજાતિઓમાં 'યુવાગૃહો' હોતાં નથી, પરંતુ કેટલીક આદિમજાતિઓમાં 'યુવાગૃહો' અસ્તિત્વ ધરાવે છે. સંયુક્ત અને વિભક્ત યુવાગૃહો દ્વારા આદિમજાતિના અપરિણીય યુવક અને યુવતીઓનું સમાજીકરણ કરવામાં આવેયુવાગૃહોમાં યુવાનોને તેઓની સંસ્કૃતિનું આત્મસાતીકરણ (assimilation) કરાવવામાં આવે છે.
- 7. અર્થવ્યવસ્થાનું અવિકસિત સ્વરૂપ : આદિમજાતિઓ આર્થિક રીતે ખૂબ પછાત છે. આદિમજાતિઓમાં અર્થવ્યવસ્થાનું સ્વરૂપ સભ્ય સમાજની દષ્ટિએ ઘણું અવિકસિત છે. શેર, ડિપોઝિટ અને બૅંક વ્યવસ્થાને બદલે શાહુકારો દ્વારા ધિરાણની પદ્ધતિ છે.
- 8. અદશ્ય શક્તિઓમાં શ્રદ્ધા : અનુસૂચિત જનજાતિઓઅદશ્ય અને અમાનવીય દિવ્ય શક્તિઓમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખે છે. તેઓ 'ટોટેમ' સાથે અલૌકિક સંબંધ ધરાવે છે. 'ટોટેમ'ની ગૂઢ શક્તિઓથી તેઓ ખૂબ જ પ્રભાવિત હોય છે. પૂર્વજોની શક્તિઓથી તેઓ પ્રભાવિત હોય છે. તેઓની માન્યતાઓ વહેમ, ચમત્કાર, જાદુ વગેરે જેવી અંધશ્રદ્ધા પર આધારિત હોય છે. કે તેમની વિધિ, પૂજા, બલિ વગેરેમાં જાદુ અને ચમત્કારની શ્રદ્ધા જોવા મળે છે. 'શામન', 'બડવો' કે 'ભગત' જેવી ચમત્કારિક વ્યક્તિમત્તા ધરાવતી વ્યક્તિઓનું તેમના પર સવિશેષ પ્રાધાન્ય હોય છે.
- 9. વિશિષ્ટ નૈતિક નિયમાવલિ : દરેક અનુસૂચિત જનજાતિને પોતાની આગવી વિશિષ્ટ અને નૈતિક નિયમાવલિ હોય છે. આદિમજાતિનો દરેક સભ્ય આ નીતિમત્તાના નિયમોને કદી છોડતો નથી. દરેક સભ્ય તેમના નિયમોનું ચુસ્તપણે પાલન કરે છે. તેઓ સમૂહજીવનમાં નીતિમત્તાને સવિશેષ પ્રાધાન્ય આપે છે.
- 10. સામાજિક અને ધાર્મિક નિષેધાવસ્થા : અનુસૂચિત જનજાતિમાં સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે અનેક 'નિષેધો'(ક્ષ્ર્દ્ધજ)નું પાલન કરવાનું હોય છે. સામાજિક સંબંધોમાં 'પરિહારના સંબંધો તેમની સામાજિક નિષેધાવસ્થા જણાવે છે. ધાર્મિક વિધિઓ અને ક્રિયાઓમાં 'પવિત્રતાનો ખ્યાલ' સ્પષ્ટ હોય છે. 'શામન' અને 'મહિલાઓ' માટે અનેક નિષેધો હોય છે. આમ, નિષેધો વ્યક્તિની વર્તણૂકને નિયંત્રિત કરે છે.
- 11. ગૂઢ શક્તિઓનું પ્રાધાન્ય : અનુસૂચિત જનજાતિના સભ્યો । વિવિધ પ્રકારની ગૂઢ શક્તિઓમાં વિશ્વાસ અને શ્રદ્ધા ધરાવે છે. તેઓ 'ટેકરીની', 'જંગલની', 'પૂર્વજોની', 'મૃતવીરોની', 'ગામની'' વગેરેની ગૂઢ શક્તિઓમાં શ્રદ્ધા ધરાવે છે. તેઓ ભૂત, પ્રેત, ડાકણ, ચુડેલ વગેરે અનિષ્ટકારક ગૂઢ શક્તિઓમાં શ્રદ્ધા ધરાવે છે. આ બધાંના પ્રકોપથી બચવા તેઓ વિધિવિધાનો કરી તેમને વશમાં રાખવાના પ્રયત્નો કરે છે.
- 12. મૃત્યુ પછીના જીવનમાં શ્રદ્ધા : આદિમજાતિઓ મૃત્યુ પછીના જીવનમાં અખૂટ શ્રદ્ધા ધરાવે છે. ''શરીરમાંથી મુક્ત થઈને આત્માનું અસ્તિત્વ ટકેલું રહે છે' એ વિચારસરણીમાંથી 'પૂર્વજપૂજા' અને 'પ્રકૃતિપૂજા' ઉદ્ભવેલી છે. મૃત્યુ પામેલી વ્યક્તિના આત્માને ખુશ કરવા 'સમૂહ શ્રી આવેછે. કેટલાક સમાજમાં મૃતદેહની સાથે જીવન ઉપયોગી વસ્તુઓ મુકવી આવે છે, આદિમજાતિઓના આ બધા રિવાજો તેમની મૃત્યુ પછીનાજીવનની શ્રદ્ધા દેશવિ છે.
- 13, ગોત્રચિન (Totem), નિષેધ (Tabo0) અને છુંદણી(Tatoo)નું મહત્ત્વ : અનેક અનુસૂચિત જનજાતિઓ ગોત્રચિન્નમાં વિશ્વાસ રાખે છે. ગોત્રચિહ્નની આજુબાજુ ગોઠવાયેલી વર્તન પ્રણાલીમાંથી 'ગોત્રચિહ્નવાદ'

(Totemism) ઉદ્ભવ્યો છે. ભારતની લગભગ બધી જ આદિમજાતિઓમાં 'ગોત્રચિન', 'નિષેધ અને 'છુંદણા'નું અસ્તિત્વ છે.

- 14. ઓછાં વસ્ત્રો : આદિમજાતિઓના પહેરવેશ પર ભૌગોલિકઅને આર્થિક પરિસ્થિતિની સ્પષ્ટ અસર થઈ છે. જંગલના ઊંડાણવાળા વિસ્તારમાં રહેતા લોકો ઓછાં વસ્ત્રો પહેરે છે. વર્તમાનમાં આદિમજાતિઓમાં વસ્ત્રોનો ઉપયોગ વધ્યો છે અને પહેરવેશમાં પણ પરિવર્તન આવ્યું છે.
- 15. કેફી પીણાંના ઉપયોગ : આદિમજાતિના લોકો દારૂ, અફીણ, ગાંજો, મહુડા, તાડી વગેરે કેફી દ્રવ્યોનું સેવન ખૂબ પ્રમાણમાં કરે છે. તેઓ તેમના સામાજિક અને ધાર્મિક પ્રસંગોમાં આ કેફી પીણાંઓનું સવિશેષ સેવન કરે છે. કેફી પીણાંના ઉપયોગના કારણે તેમના જીવનમાં ઓછું કામ કરવાની વૃત્તિ, ઝઘડા, બીમારીઓ વગેરે આવે છે.
- 16. શિક્ષણનું ઓછું પ્રમાણ : શહેરી સમાજની તુલનામાંઅનુસૂચિત જનજાતિઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. ગરીબીના કારણે તેઓ પોતાનાં બાળકોને શાળાએ મોકલવાને બદલે મજૂરી કરાવે છે. આઝાદી પછી રાજ્ય સરકારે તેમના શિક્ષણ માટે આશ્રમશાળાઓ, યુવાગૃહો વગેરેની જોગવાઈ કરી છે.
- 17. સમૂહનૃત્ય, સમૂહગીતોનું અસ્તિત્વ : સમૂહનૃત્ય એ અનુસૂચિત જનજાતિઓના જીવનની એક વિશિષ્ટતા છે. સમૂહનૃત્ય વખતે ચોક્કસ પ્રકારનાં વાજિંત્રો અને સંગીતનો ઉપયોગ કરવામાં આવે છે. સમૂહનૃત્યમાં પ્રાદેશિક વિવિધતા હોય છે. સમૂહગીતોનું વિશેષ પ્રાધાન્ય છે. તેઓ સામૂહિક રીતે આખ્યાનો, દંતકથાઓ, ભજનો વગેરે ગાતાં હોય છે.વ
- 18. મેળાઓ અને ઉત્સવોની મહત્તા : આદિમજાતિના લોકો પોતાના સમૂહ જીવનમાં મેળાઓ અને ઉત્સવો દ્વારા આનંદ, ઉલ્લાસ અને ઉત્સાહની અભિવ્યક્તિ કરેવિવિધ ઋતુઓમાં ઉજવાતા ઉત્સવો, તહેવારો અને મેળાઓ તેમને ઉત્સાહસભર બનાવે છે.
- 19. જૂથ એકતા અને જૂથ સભાનતા : અનુસૂચિત જનજાતિઓમાં જુથ એ કતા(Group solidarity)નું પ્રમાણ વધુ છે. આખો સમુદ એક જ તાંતણે બંધાયો હોય તે પ્રકારની એકતા મહોય છે, અનુસુચિત જન જાતિ ઓ માં હવે જુથ સભાનતાર્યે(Consciousness)નું પ્રમાણ જોવા મળે છે. તેઓ રાજકીય અધિકારો મેળવવાના સજાગ પ્રયત્નો કરે છે. કેટલીક આદિમજાતિઓમાં બળવા પણ થયા છે. તેઓ પોતાની સંગઠનશક્તિ અને સંઘબળ વિકસાવીને સ્વાયત્ત થવાનો પ્રયત્ન કરી રહ્યા છે. તેઓમાં સામાજિક, ધાર્મિક અને રાજકીય આંદોલનોનું અસ્તિત્વ જોવા મળે છે.

2. ભારતમાં અનુસૂચિત જનજાતિનું સાંસ્કૃતિક વૈવિધ્ય જણાવો.

- ભારતની અનુસુચિત જનજાતિઓમાં વિશિષ્ટ પ્રકારનું સાંસ્કૃતિક વૈવિધ્ય જોવા મળે છે. અનુસૂચિત જનજાતિઓની લગ્નવ્યવસ્થા, સગાઈ સંબંધ, મિલકત વ્યવસ્થા, ધર્મ સંસ્થા, જાદુ, ન્યાયતંત્ર, કલા, સંગીત, દંતકથાઓ વગેરેમાં તેમનું સામાજિક અને સાંસ્કૃતિક જીવન સમાયેલું છે. ભારતીય આદિમજાતિઓ પ્રકૃતિ, ગોત્રચિન, જાદુ, નૃત્ય, લોકસંગીત, કલા વગેરેમાં વિશ્વાસ ધરાવે છે. સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ, વનસ્પતિ વગેરે પ્રકૃતિનાં તત્ત્વોનો એમના સાંસ્કૃતિક જીવન સાથે ગાઢ સંબંધ છે. પ્રકૃતિપૂજા એમના જીવનનો અભિન્ન ભાગ છે. આદિમજાતિઓમાં 'ગોત્રચિહ્નવાદ' (ટોટેમવાદ) એ સામૂહિક ચેતનાનું પ્રતીક છે. જેમાં ગોત્રના સભ્યો કોઈ મૂઢ, અલૌકિક અને પવિત્ર સંબંધ રાખે છે. 'ટોટેમ' પ્રત્યે સમુહના સભ્યો આદર, શ્રદ્ધા અને ભક્તિ ઉપરાંત, ભયની લાગણી પણ ધરાવે છે.
- ધર્મ અને જાદુ આદિમજાતિઓનાં જીવનનાં અભિન્ન પાસાં છે. જાદુમાં તેઓ મંત્ર અને તંત્રનો ઉપયોગ કરે છે. તેમના સફેદ જાદુ રક્ષણાત્મક અને કલ્યાણકારી છે. જ્યારે કાળા જાદુ તાંત્રિક વિદ્યાઅને ભૂતપ્રેત સાથે જોડાયેલા છે. તેઓમાં એવી માન્યતા પ્રવર્તે છે કે જાદુ દ્વારા અલોકિક શક્તિ પર આધિપત્ય જમાવી શકાય છે. જોકે એમાં હંમેશાં સિદ્ધિ મળે એ શક્ય નથી. કલામાં સાંસ્કૃતિક વૈવિધ્ય : ભારતની અનુસૂચિત જનજાતિઓ વારસાગત રીતે કલા અને સૌંદર્ય સાથે જોડાયેલા છે. તેઓની કલામાં સૌંદર્ય અને આવેગની સાથે સામાજિક તત્ત્વ પણ જોડાયેલું છે. તેમના વિચારો, મૂલ્યો, ધર્મ, પરંપરા, સામાજિક અને ભૌગોલિક પરિસ્થિતિ સાથે એની ઉપયોગિતા જોડાયેલી છે.
- દા. ત. કલાત્મક કાંસકીઓ અને વાંસની ટોપલીઓ. અનુસૂચિત જનજાતિઓનાં સંગીત, તાલ અને સૂરમાં પણ કલાની અભિવ્યક્તિની શૈલી પ્રગટ થાય છે. ડો. વેરિયર એલ્વિનના મતે, "ભારતીય આદિમજાતિની કલામાં યથાર્થવાદ અને પ્રતીકવાદનો સમાવેશ થાય છે." તેમની દીવાલો, ઓજારો, આભૂષણો વગેરેમાં મૂર્તિકલા અને ચિત્રકલાનો સમાવેશ થાય છે. આદિવાસીઓ તહેવારો, ઉત્સવો અને લગ્નપ્રસંગમાં ઘરની દીવાલોને સુશોભિત કરે છે. તેમની ક્લા ભીતચિત્રોમાં વ્યક્ત થાય છે.
- દા. ત., ગુજરાતમાં રાઠવાઓનાં પીઠોરાનાં ચિત્રો. મૂરિયા લોકો હાથી, ઘોડા અને માનવીની મૂર્તિઓ દેવને ચડાવે છે. સંથાલ લોકો લગ્નપ્રસંગે ડોલીને સુંદર રીતે શણગારે છે. ભારતના આદિવાસીઓના સંગીત અને નૃત્યમાં તાલ, સૂર અને વાદ્યતંત્રોનો સંગમ હોય છે. તેમનાં વાદ્યતંત્રો ફૂંક મારવાથી, હવા ભરવાથી, થાપ આપવાથી વગેરેથી વાગે છે. તેમનાં વાદ્યોમાં સારંગી, વાંસળી, તૂર, તંબૂર, બીન, ઢોલ, ઘંટ, મૃદંગ વગેરેનો સમાવેશ થાય છે.

3. પછાતપણાના મુખ્ય માપદંડો જણાવો.

- 'મંડલ પંચે' સામાજિક અને શૈક્ષણિક પછાતપણું નક્કી કરવા માટે ત્રણ માપદંડો નક્કી કર્યા હતા : 1. સામાજિક માપદંડ, 2. શૈક્ષણિક માપદંડ અને 3. આર્થિક માપદંડ.
- 1. સામાજિક માપદંડ : સામાજિક પછાતપણું નક્કી કરવા માટે નીચેના ચાર માપદંડ નક્કી કરવામાં આવ્યા હતા : જે જ્ઞાતિઓ કે વર્ગો સામાજિક રીતે પછાત ગણાતા હોય. જે જ્ઞાતિઓ કે વર્ગો પોતાની આજીવિકા માટે શારીરિક શ્રમ પર આધાર રાખતા હોય. જે જ્ઞાતિઓ કે વગના ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા લોકોના 25 ટકા મહિલાઓ અને 10 ટકા પુરુષો તથા શહેરી વિસ્તારમાં વસવાટ કરતા લોકોના 10 ટકા મહિલાઓ અને 5 ટકા પુરુષો રાજ્યની સરેરાશ કરતાં વધુ સંખ્યામાં 17 વર્ષથી નીચેની ઉંમરે લગ્ન કરતાં હોય. જે જ્ઞાતિઓ કે વર્ગોમાં રાજ્યની સરેરાશ કરતાં 25 ટકા મહિલાઓ આજીવિકા માટે કામ કરતી હોય.
- 2. શૈક્ષણિક માપદંડ : શૈક્ષણિક પાછતપણું નક્કી કરવા માટે નીચેના ત્રણ માપદંડ નક્કી કરવામાં આવ્યા હતા : રાજ્યની સરેરાશ કરતાં 25 ટકા વધારે જે જ્ઞાતિઓ કે વર્ગોનાં 15થી 15 વર્ષની વયજૂથનાં બાળકો શાળાએ ગયાં જ ન હોય. રાજ્યની સરેરાશ કરતાં 25 ટકા વધારે જે જ્ઞાતિઓ કે વગનાં 5થી 15 વર્ષનાં બાળકો અધવચ્ચેથી અભ્યાસ છોડી દેતાં હોય. રાજ્યની સરેરાશ કરતાં 25 ટકા ઓછા જે જ્ઞાતિઓ કે વગોંમાં મેટ્રિક (એસએસસી) ભણેલાં હોય.
- 3. આર્થિક માપદંડ : આર્થિક પછાતપણું નક્કી કરવા માટે નીચેના ત્રણ માપદંડ નક્કી કરવામાં આવ્યા હતા : રાજ્યની સરેરાશ કરતાં જે જ્ઞાતિઓ કે વગોંમાં કુટુંબોની મિલકતની કિંમત 25 ટકા કરતાં ઓછી હોય. રાજ્યની સરેરાશ કરતાં જે જ્ઞાતિઓ કે વર્ગોનાં 25 ટકા કરતાં વધારે કુટુંબો કાચા મકાનમાં રહેતાં હોય. જે જ્ઞાતિઓ કે વર્ગોનાં 25 ટકા કરતાં વધારે કુટુંબોને રોજબરોજની જરૂરિયાત માટે લોન લેવી પડતી હોય, પછાતપણાના માપદંડો નક્કી કરતાં અગાઉ મંડલ પંચે નિષ્ણાતોની સમિતિ નીમીને સર્વેક્ષણ કરાવ્યું હતું. આ સર્વેક્ષણ દ્વારા સામાજિક અને શૈક્ષણિક પછાતપણાના એકમો તરીકે જ્ઞાતિનો માપદંડ તરીકે ઉપયોગ કર્યો અને અન્ય પછાત વર્ગો'ની યાદી તૈયાર કરી પોતાની ભલામણ સાથેનો અહેવાલ ભારત સરકારને સુપરત કર્યો.

4. પંચે અન્ય પછાત વર્ગો નક્કી કરવા માટે કયા સામાજિક માપદંડોઅપનાવ્યા હતા? (March 18)

- 'મંડલ પંચે' સામાજિક અને શૈક્ષણિક પછાતપણું નક્કી કરવા માટે ત્રણ માપદંડો નક્કી કર્યા હતા : 1. સામાજિક માપદંડ, 2. શૈક્ષણિક માપદંડ અને 3. આર્થિક માપદંડ.

1. સામાજિક માપદંડ : સામાજિક પછાતપણું નક્કી કરવા માટે નીચેના ચાર માપદંડ નક્કી કરવામાં આવ્યા હતા : જે જ્ઞાતિઓ કે વર્ગો સામાજિક રીતે પછાત ગણાતા હોય. જે જ્ઞાતિઓ કે વર્ગો પોતાની આજીવિકા માટે શારીરિક શ્રમ પર આધાર રાખતા હોય. જે જ્ઞાતિઓ કે વગના ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા લોકોના 25 ટકા મહિલાઓ અને 10 ટકા પુરુષો તથા શહેરી વિસ્તારમાં વસવાટ કરતા લોકોના 10 ટકા મહિલાઓ અને 5 ટકા પુરુષો રાજ્યની સરેરાશ કરતાં વધુ સંખ્યામાં 17 વર્ષથી નીચેની ઉંમરે લગ્ન કરતાં હોય. જે જ્ઞાતિઓ કે વર્ગોમાં રાજ્યની સરેરાશ કરતાં 25 ટકા મહિલાઓ આજીવિકા માટે કામ કરતી હોય. 2. શૈક્ષણિક માપદંડ : શૈક્ષણિક પાછતપણું નક્કી કરવા માટે નીચેના ત્રણ માપદંડ નક્કી કરવામાં આવ્યા હતા : રાજ્યની સરેરાશ કરતાં 25 ટકા વધારે જે જ્ઞાતિઓ કે વર્ગોનાં 15થી 15 વર્ષની વયજૂથનાં બાળકો શાળાએ ગયાં જ ન હોય. રાજ્યની સરેરાશ કરતાં 25 ટકા વધારે જે જ્ઞાતિઓ કે વગનાં 5થી 15 વર્ષનાં બાળકો અધવચ્ચેથી અભ્યાસ છોડી દેતાં હોય.

રાજ્યની સરેરાશ કરતાં 25 ટકા ઓછા જે જ્ઞાતિઓ કે વર્ગોમાં મેટ્રિક (એસએસસી) ભણેલાં હોય. 3. આર્થિક માપદંડ : આર્થિક પછાતપણું નક્કી કરવા માટે નીચેના ત્રણ માપદંડ નક્કી કરવામાં આવ્યા હતા : રાજ્યની સરેરાશ કરતાં જે જ્ઞાતિઓ કે વર્ગોમાં કુટુંબોની મિલકતની કિંમત 25 ટકા કરતાં ઓછી હોય. રાજ્યની સરેરાશ કરતાં જે જ્ઞાતિઓ કે વર્ગોનાં 25 ટકા કરતાં વધારે કુટુંબો કાચા મકાનમાં રહેતાં હોય. જે જ્ઞાતિઓ કે વર્ગોનાં 25 ટકા કરતાં વધારે કુટુંબોને રોજબરોજની જરૂરિયાત માટે લોન લેવી પડતી હોય, પછાતપણાના માપદંડો નક્કી કરતાં અગાઉ મંડલ પંચે નિષ્ણાતોની સમિતિ નીમીને સર્વેક્ષણ કરાવ્યું હતું. આ સર્વેક્ષણ દ્વારા સામાજિક અને શૈક્ષણિક પછાતપણાના એકમો તરીકે જ્ઞાતિનો માપદંડ તરીકે ઉપયોગ કર્યો અને અન્ય પછાત વર્ગો'ની યાદી તૈયાર કરી પોતાની ભલામણ સાથેનો અહેવાલ ભારત સરકારને સુપરત કર્યો.

5. અનુસૂચિત જનજાતિનું વર્ગીકરણ કરો.

- અનુસૂચિત જનજાતિનું આ છ પાસાંને આધારે વર્ગીકરણ કરવામાં આવે છે : 1. ભૌગોલિક રહેઠાણની દષ્ટિએ, 2. વસ્તીના પ્રમાણની દષ્ટિએ, 3, સાંસ્કૃતિક દષ્ટિએ, 4. આર્થિક દષ્ટિએ, 5. ભાષાકીય દષ્ટિએ અને 6, જાતિ તત્ત્વોની દષ્ટિએ
- 1, ભૌગોલિક રહેઠાણની દષ્ટિએ : ભૌગોલિક રહેઠાણની દષ્ટિએ નીચેના ત્રણ વિસ્તારોમાં અનુસૂચિત જનજાતિની વસ્તી આવેલી છે : (1)ઉત્તર અને ઉત્તર પૂર્વનો વિસ્તાર : આ વિસ્તારમાં લડાખ (જમ્મુ અને કશ્મીર), હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ (ઉત્તરનો ઉત્તર પ્રદેશ). સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, અસમ, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, મણિપુર અને ત્રિપુરા રાજ્યનો સમાવેશ થાય છે. (2)મધ્યવર્તી કે કેન્દ્રનો વિસ્તારઃ આ વિસ્તારમાં પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, દક્ષિણ ઉત્તર પ્રદેશ, દક્ષિણ રાજસ્થાન, ગુજરાત, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રનો સમાવેશ થાયમધ્યવર્તી વિસ્તારમાં સૌથી વધુ આદિવાસી વસ્તી છે અનેઅહીંના આદિવાસીઓ અન્ય વિસ્તારના આદિવાસીઓ કરતાં વધુ જાણીતાં છે. (3)દક્ષિણનો વિસ્તાર : આ વિસ્તારમાં આંધ્ર પ્રદેશ, તમિલનાડુ, કર્ણાટક, કેરલ, અંદમાન અને નિકોબાર ટાપુઓ અને લક્ષદ્વીપનો સમાવેશ થાય છે.
- 2. વસ્તીના પ્રમાણની દષ્ટિએ : ડૉ. બ્રિજરાજ ચૌહાણ અનુસૂચિત જનજાતિઓનાં વસ્તીના પ્રમાણની દષ્ટિએ બે વિભાગ પાડે છે : (1) ખૂબ જ ઓછી વસ્તીવાળાં રાજ્યો અને પ્રદેશો (2) ખૂબ જ મોટા પ્રમાણમાં વસવાટ કરતાં રાજ્યો અને પ્રદેશો.
- 3. સાંસ્કૃતિક દ્રષ્ટિએઃ ડૉ. વેરિયસ એલ્વિન , પ્રોફેસર દાસ અને સામાજિક કાર્યકર પરિષદે' અનુસુચિત દ્રષ્ટિએ વરગિકર્ણ કર્યું છે. ડૉ. વેરિયસ એલ્વિને સાંસ્કૃતિક દષ્ટિએ નીચેના ચાર વિભાગ દર્શાવ્યા છેઃ (1) પ્રથમ વિભાગ : પ્રથમ વિભાગમાં સહિયારી જમીન ધરાવતા લોકોનો સમાવેશ થાય છે. તેઓ ખૂબ જ પછાત જીવન જીવે છે અને અપરિચિત લોકોના સંપર્કમાં આવતા ડરે છે. દા. ત., બસ્તારના મુરિયા, ઓડિશાના બોંદો અને જુઆંગ (2)બીજો વિભાગ : બીજા વિભાગમાં જંગલો અને ડુંગરોમાં વસવાટ કરતા લોકોનો સમાવેશ થાય છે. તેઓ સમૂહજીવન જીવે છે અને બહારના લોકો સાથે ખૂબ ઓછો સંપર્ક ધરાવે છે. (3)ત્રીજો વિભાગ : ત્રીજા વિભાગમાં અનુસૂચિત જનજાતિના લોકોની સંખ્યા સૌથી વધુ છે. તેઓ પોતાની મૂળ સંસ્કૃતિમાં બદલાવ લાવી રહ્યા છે અને તેઓમાંના કેટલાક પોતાની મૂળ પરંપરાગત સંસ્કૃતિ છોડીને વિચલિત વર્તન તરફ વળ્યાં છે.(4) ચોથો વિભાગ : ચોથા વિભાગમાં ભીલ, સરદારો, મુરિયા વગેરે જેવા જમીનદારોનો સમાવેશ થાય છે. તેઓ આર્થિક રીતે સધ્ધર અને સમૃદ્ધ છે.

- 4. આર્થિક દષ્ટિએ : કેટલાક માનવશાસ્ત્રીઓએ આદિમજાતિઓનું વર્ગીકરણ આર્થિક દષ્ટિએ કર્યું છે. જેમાં શિકાર, પશુપાલન, ખેતી, કારખાનાં, ઉદ્યોગો વગેરેના સંદર્ભમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે.
- 5. ભાષાકીય દષ્ટિએ : ભારતની તમામ અનુસૂચિત જાતિને મહત્ત્વનાં ત્રણ ભાષાકુટુંબો સાથે વર્ગીકૃત કરવામાં આવે છે : (1) ઑસ્ટિક ભાષાકુટુંબો, (2) દ્રાવિડિયન ભાષાકુટુંબો અને (3) સીનો ટિબેટૂન ભાષાકુટુંબો. (1)ઑસ્ટ્રિક ભાષા કુટુંબો : ઑસ્ટ્રો એશિયાટિક (ઑસ્ટ્રિક) ભાષાકુટુંબોમાં 'મુંડા' અને 'કલિ' બોલીનો સમાવેશ થાય છે. મધ્ય અને પૂર્વ ભારતના ઑસ્ટ્રેનિશિયન આદિવાસીઓમાં આપણા દેશના આદિવાસીઓની ભાષાનો સમાવેશ થતો નથી.. (2) દ્રાવિડિયન ભાષાકુટુંબો : દ્રવિડિયન ભાષાકુટુંબોમાં કન્નડ, તમિલ, તેલુગુ અને મલયાલમનો સમાવેશ થાય છે. આંધ્રના 'ગોંડ', દક્ષિણ ભારતના 'કાદર', 'ઇસલા', 'ચેરું', 'ટોડા' વગેરે આદિમજાતિઓનો દ્રાવિડિયન ભાષાકુટુંબોમાં સમાવેશ થાય છે. (3) સીનો તિબેટૂન ભાષાકુટુંબો : સીનો ટિબેટન ભાષાકુટુંબોમાં તિબેટ, બર્મી અને સિયામી ચીનીનો સમાવેશ થાય છે. દાર્જિલિંગ અને હિમાલયના પર્વતીય વિસ્તારમાં વસવાટ કરતી આદિમજાતિઓ સીનો તિબેટ્રન ભાષા બોલે છે.
- 6. જાતિ તત્વોની દષ્ટિએ જાતિ તત્ત્વોનાં શારીરિક લક્ષણો જેવા કે માથું, નાક, ખોપરીનું ઘનત્વ, કદ વગેરેનો આમાં સમાવેશ થાય ભારતમાં અને ક વિદ્વાનોએ શારીરિક લક્ષણોમાં ત્વચા તથા આંખોનો રંગ, વાળની બનાવટ, રુંવાટી, હોઠ વગેરેનો સમાવેશ કર્યો છે.

### 6. અન્ય પછાત વર્ગ વિશે નોંધ લખો.

- ભારતના બંધારણ માં અનુસૂચિત જાતિઓ' અને અનુસૂચિત જનજાતિઓ' ઉપરાંત અન્ય પછાત વર્ગો (The Other Backward Classes : OBC)નો પણ ઉલ્લેખ છે. સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત જાતિઓનો અન્ય પછાત વર્ગો'માં સમાવેશ થાય છે. 'અન્ય પછાત વર્ગોની સમગ્ર ભારતની કોઈ 'સૂચિ' કે 'યાદી' નથી, પરંતુ શિક્ષણ મંત્રાલય અને રાજ્ય સરકારોએ 'યાદી તૈયાર! કરી છે. આ યાદીમાં કેટલીક વિસંગતતાઓ છે. કાકાસાહેબ કાલેલકર કમિશન : 'અન્ય પછાત વર્ગો'ની યાદી તૈયાર કરવા માટે ભારત સરકારે સૌપ્રથમ ઈ. સ. 1953માં એક કમિશન(પંચ)ની રચના કરી હતી.
- આ કમિશનના અધ્યક્ષ કાકાસાહેબ કાલેલકર હતા. આ કમિશને ભારતની 2399 જ્ઞાતિઓને અન્ય પછાત વર્ગોની યાદીમાં સામેલ કરી. દેશમાં એ સમયે આ જ્ઞાતિઓનું પ્રમાણ 70 ટકા હતું. આ કમિશને સામાજિક દરજ્જાનો કોટિક્રમ અને પછાતપણાનો માપદંડ સ્વીકાર્યો હતો. આ કમિશનની ભલામણોનો સ્વીકાર થઈ શક્યો નહિ. મંડલ કમિશન : ભારત સરકારે બંધારણના અનુચ્છેદ 15 અને 16ના હેતુઓને અનુલક્ષીને ઈ. સ. 1979માં 'અન્ય પછાત વર્ગો માટે બીજા પંચની નિયુક્તિ કરી.
- આ પંચના અધ્યક્ષશ્રી બી. પી. મંડલ હતા. આ પંચ 'મંડલ કમિશન' તરીકે ઓળખાય છે. આ પંચના તજજ્ઞોની સમિતિના અધ્યક્ષ તરીકે આંતરરાષ્ટ્રીયખ્યાતિ ધરાવતા ભારતના વિદ્વાન સમાજશાસ્ત્રી એમ. એન. શ્રીનિવાસ હતા.
- મંડલ પંચ'ને નીચે જણાવેલી કામગીરી સોંપવામાં આવી હતી : સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો નક્કી કરવા માટેના માપદંડો નક્કી કરવા. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિકાસ માટેનાં પગલાંની ભલામણ કરવી. જાહેર સેવાઓમાં પર્યાપ્ત પ્રતિનિધિત્વ નથી તેવા પછાત વર્ગોને નોકરીઓમાં અનામતની જોગવાઈ અંગેની ભલામણો કરવી. મંડલ પંચે નિષ્ણાતોની સમિતિ બનાવીને સમગ્ર ભારતમાં સર્વેક્ષણ રાવ્યું

હતું. સર્વેક્ષણનો હેતુ મેળવેલી માહિદની દ્વારા સામાજિક અને શૈક્ષણિક પાછાતપણાનો ખ્યાલ મેળવવાનો હતો. મંડલ પંચે ની આ માહિતીના આધારે સામાજિક અને શૈક્ષણિક પાછાતપણાના માં કમી તરીકે 'લા' રિનો માપદંડ તરીકે ઉપયોગ કરી અન્ય પછાત વમાં'ની યાદી તૈયાર કરી

- .ઈ. સ. 1980માં મંડલ પંચે ના યાદી સાથે પોતાનો અહેવાલ ભારત સરકારને સુપરત કર્યો, ઈ.સ. 1982માં આ અહેવાલની સંસદમાં ચર્ચા કરવામાં આવી. 13 ઑગસ્ટ, 1990ના રોજના જામઠેરનામાથી તે સમયની ભારત સરકારે મંડલ પંચની ભલામણોનો અમલ કર્યો.

## 7. આદિવાસી વિકાસના કાર્યક્રમની ટૂંકી રૂપરેખા આપો.

- ભારતમાં અને ગુજરાતમાં આદિવાસીઓના વિકાસ માટે અનેક વિકાસ યોજનાઓ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, જે નીચે અનુસાર છે : ઈ. સ. 1951 અનુસૂચિત જનજાતિને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલા કાર્યક્રમો . ઈ. સ. 1956માં પંડિત જવાહરલાલ નેહરુએ આપેલો 'પંચશીલ'નો સિદ્ધાંત, ઈ. સ. 1961માં અનુસૂચિત જનજાતિના વિકાસ માટે 'આદિવાસી બ્લૉક'ની રચના કરવામાં આવી. ઈ. સ. 1972માં 'ગુજરાત આદિવાસી વિકાસ નિગમ'ની રચના કરવામાં આવી.
- ઈ. સ. 1974માં 'સંકલિત આદિજાતિ વિકાસ પ્રૉજેક્ટ શરૂ કરવામાં આવ્યો. ઈ. સ. 1976માં 'ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ'ની રચના કરવામાં આવી. ઈ. સ. 1982માં અનુસૂચિત જનજાતિનાં કુટુંબોને 'ગરીબી રેખા'થી ઉપર લાવવા માટે 'ગરીબી નિવારણ કાર્યક્રમો' શરૂ કરવામાં આવ્યા. ઈ. સ. 1987માં 'અનુસૂચિત જનજાતિ સહકારી બજાર સંઘ'ની સ્થાપના કરવામાં આવી. ઈ. સ. 1989માં 'રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને જનજાતિ નાણાં અને વિકાસ નિગમ'ની રચના કરવામાં આવી. ઈ. સ. 1989માં 'અનુસૂચિત જાતિ અને જનજાતિ અત્યાચાર નિવારણ ધારો' અમલમાં મુકવામાં આવ્યો.
- ઈ. સ. 1993માં પંચાયતોમાં અનુસૂચિત જનજાતિના પ્રતિનિધિત્વ બાબતે બંધારણનો 73મો' અને '74મો' સુધારો કરવામાં આવ્યો. ઈ. સ. 1996માં પંચાયતોના સંદર્ભમાં 'પેસા' (ૈજટ્ઠ) ઍક્ટ હેઠળ પંચાયતી રાજની સંસ્થાઓમાં અને 'ગ્રામસભા'ને પાયાગત કક્ષાએ અનુસૂચિત જનજાતિના સહભાગી વિકાસને ટેકો આપવા માટે કાયદો ઘડવામાં આવ્યો. ઈ. સ. 1907માં 'અભિગમ બદલાવ : કલ્યાણથી વિકાસ' એનું 'જનજાતિ સશક્તીકરણ' કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા.
- ઈ. સ. 1998 99માં આદિવાસીઓના વિકાસના કાર્યક્રમો માટે 'ન્યૂ ગુજરાત પેટર્ન' શરૂ કરવામાં આવી. ઈ. સ. 1999માં 'મિનિસ્ટ્રી ઓફ ટ્રાયબલ અફેર્સની સ્થાપના કરવામાં આવી. ઈ. સ. 2007માં 'વનબંધુ કલ્યાણ યોજના' શરૂ કરવામાં આવી. આમ, ઉપરોક્ત કાર્યક્રમો દ્વારા ભારતમાં અને ગુજરાતમાં આદિવાસીઓના વિકાસ માટે પ્રયત્નો કરવામાં આવ્યા.

8. અનુસૂચિત જાતિ (SC)ની બંધારણીય જોગવાઈઓ જણાવો.

- અનુસૂચિત જાતિ સંજ્ઞા ભારતના બંધારણે પ્રમાણિત કરી છે. ભારતના બંધારણમાં 'અનુસૂચિત જાતિ ની વ્યાખ્યા આપવામાં આવી નથી, પરંતુ ભારતના બંધારણની કલમ 341 મુજબ ભારતના રાષ્ટ્રપતિ અમુક જાતિઓ કે પ્રજાતિઓને અથવા જાતિઓ કે પ્રજાતિઓના ભાગો કે સમૂહોને 'અનુસૂચિ'માં સામેલ કરી શકે છે. અનુસૂચિત જાતિઓ સામાજિક અને આર્થિક રીતે પછાત સમૂહો છે. આથી બંધારણમાં તેમને ખાસ રક્ષણ આપવામાં આવ્યું છે. બંધારણના વિભાગ 3ની વિવિધ કલમોમાં નાગરિકોના મૂળભૂત અધિકારોની જોગવાઈ કરવામાં આવી છે. કેટલીક મહત્ત્વની જોગવાઈઓ નીચે પ્રમાણે છે :
- બંધારણની કલમ 14 દરેક નાગરિકને કાયદાની દૃષ્ટિએ સમાનતાનો અધિકાર આપે છે. બંધારણની કલમ 15 કોઈ પણ નાગરિકની વિરુદ્ધ ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અથવા જન્મસ્થાનના આધાર પર કે તેમાંની કોઈ પણ બાબતને કારણે સામાજિક કે શૈક્ષણિક સ્વરૂપના ભેદભાવ કરવા પર પ્રતિબંધ ફરમાવે છે. બંધારણની કલમ 16 મુજબ, જાહેર નિમણુકોમાં તકની સમાનતાનો આદેશ આપવામાં આવ્યો છે. રાજ્ય સરકારો અનુસૂચિત જાતિઓના સભ્યો માટે જાહેર સેવાઓમાં અનામત જગ્યાઓ રાખી શકે તેવી આ કલમમાં જોગવાઈ છે. બંધારણની કલમ 17 મુજબ, કોઈ પણ સ્વરૂપે અનુસૂચિત જાતિઓ તરફની અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે. આ કલમ કોઈ પણ સ્વરૂપના અસ્પૃશ્યતાના આચરણને અપરાધ ગણે છે અને કાયદા મુજબ ગુનેગારને શિક્ષા કરવાનું જણાવે છે.
- આ પ્રકારના અપરાધીને જેલની સજા કે દંડ થઈ શકે છે. બંધારણની કલમ 46 મુજબ, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય નબળા વર્ગોનાં શૈક્ષણિક અને આર્થિક હિતોની અભિવૃદ્ધિ કરવી. ભારતના બંધારણમાં ઉપર્યુક્ત મૂળભૂત જોગવાઈઓ ઉપરાંત અનુસૂચિત જાતિઓ માટે રાજ્ય સરકાર જાહેર નોકરીઓમાં અનામત જગ્યાઓ રાખે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે.
- બંધારણની કલમ 330 પ્રમાણે લોકસભામાં અને કલમ 332 પ્રમાણે રાજ્યોની વિધાનસભાઓમાં તેમનું પ્રતિનિધિત્વ જળવાય તે આશયથી તેમના માટે અનામત બેઠકો રાખવામાં આવી છે. હું આવી બેઠકો પર માત્ર અનુશ્ચિત જાતિના ઉમેદવારો જ ચૂંટણી લડી શકે છે. આ ઉપરાંત રાજ્ય સરકારો અનુસૂચિત જાતિઓના સામાજિક, આર્થિક અને રાજકીય કલ્યાણ માટે વિવિધ કાર્યક્રમો અમલમાં મૂકે તેનો નિર્દેશ પણ કરવામાં આવ્યો છે. બંધારણની કલમ 334 મુજબ રાજકીય અનામત બેઠકોનો થાળીસ વર્ષ પછી અંત આવશે.
- બંધારણની કલમ 335 મુજબ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની સેવાઓ અને જગ્યાઓ માટે હકદાવાઓ નક્કી કરવામાં આવ્યા છે, બંધારણની કલમ 340 મુજબ ભારતના રાષ્ટ્રપતિ કમિશનની નિમણૂક કરી શકે છે. આ કમિશન નાગરિકોના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની મુશ્કેલીઓની તપાસ કરીને તેને નાબૂદ કરવાની ભલામણ કરી શકે છે. આ ઉપરાંત બંધારણની વિવિધ કલમોની જોગવાઈઓને કારણે નબળા વર્ગોના નાગરિકોએ કરેલી પ્રગતિનો અંદાજ મેળવવાની સત્તા પણ કમિશનને આપી શકાય છે.

9. અનુસૂચિત જાતિના વિકાસ માટે સરકારી યોજનાઓની માહિતી આપો (July 18)

- આઝાદી મળ્યા પછી અનુસૂચિત જાતિના વિકાસ માટે સરકારે અનેક યોજનાઓનું આયોજન કર્યું છે.
- 1, શૈક્ષણિક વિકાસની યોજનાઓ : અનુસૂચિત જાતિઓના વિકાસ માટે સરકારે અમલમાં મૂકેલી શૈક્ષણિક વિકાસની યોજનાઓ નીચે પ્રમાણે છે : પ્રાથમિક શાળાઓમાં ધોરણ 1થી 7માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દર

વર્ષે બે જોડી યુનિફૉર્મ માટે સહાય આપવામાં આવે છે. ગરીબી રેખા નીચે જીવતા અનુસૂચિત જાતિઓના ધોરણ 8માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને 'સરસ્વતી સાધના સાઇકલ યોજના' હેઠળ વિનામૂલ્ય સાઇકલ આપવામાં આવે છે. અનુસૂચિત જાતિઓના ધોરણ 1થી 7માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'શ્રી જુગતરામ દવે આશ્રમશાળા યોજના'

- હેઠળ સ્વૈચ્છિક સંગઠનો દ્વારા સહાયક અનુદાનથી આશ્રમશાળાઓ ચલાવવામાં આવે છે. અનુસૂચિત જાતિઓના ધોરણ 5થી 12માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'સૂબેદાર રામજી આંબેડકર છાત્રાલય યોજના' હેઠળ સ્વૈચ્છિક સંગઠનો દ્વારા સહાયક અનુદાનથી છાત્રાલયો ચલાવવામાં આવે છે.
- અનુસૂચિત જાતિઓના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને શિક્ષણના ક્ષેત્રે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા પ્રોત્સાહન આપવા માટે 'બાબાસાહેબ ફડકે આદર્શ નિવાસી શાળા યોજના' ચલાવવામાં આવે છે.અસ્વચ્છ વ્યવસાયોમાં રોકાયેલાં અનુસૂચિત જાતિઓનાં માતાપિતાનાં બાળકોને ધોરણ 1થી 10માં અભ્યાસ કરવા માટે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. એસએસસી પછીના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિઓના વિદ્યાર્થીઓને 'ભગવાન બુદ્ધ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના' હેઠળ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.
- કૉલેજ સ્તરના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અને સંલગ્ન છાત્રાલય કે માન્ય કોલેજના છાત્રાલયમાં નિવાસ કરતા અનુસૂચિત જાતિઓના વિદ્યાર્થીઓને ભોજનબિલ સહાય આપવામાં આવે છે.
- 2. આર્થિક વિકાસની યોજનાઓ : અનુસૂચિત જાતિઓના સવાંગી વિકાસ માટે સરકારે અમલમાં મૂકેલી આર્થિક વિકાસની યોજનાઓ નીચે પ્રમાણે છે : અનુસૂચિત જાતિના ખેડૂતોને ખેતીની જમીન ખરીદવા માટે સહાય આપવામાં આવે છે. અનુસૂચિત જાતિના ગરો બ્રાહ્મણ સમાજના લોકોને તેમના કર્મકાંડના વ્યવસાયમાંથી રોજગારી મેળવવા 'સ્વામી તેજાનંદ કર્મકાંડ પ્રશિક્ષણ યોજના' હેઠળ શિક્ષણ આપવામાં આવે છે. લઘુસ્તરીય વ્યવસાયો સાથે જોડાયેલી અનુસૂચિત જાતિઓની વ્યક્તિઓને દુકાન ખરીદવા માટે આર્થિક સહાય આપવામાં આવે છે, અનુસૂચિત જાતિઓના તબીબ સ્નાતકોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા લોન અને આર્થિક સહાય આપવામાં આવે છે. અનુસૂચિત જાતિઓના કાયદાના સ્નાતકોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા લોન અને આર્થિક સહાય આપવામાં આવે છે. અનુસૂચિત જાતિઓની મહિલાઓને સિલાઈની તાલીમ આપવા માટે રાજ્ય સરકાર સીવણ કેન્દ્રો ચલાવે છે.
- 3. વિકાસની અન્ય યોજનાઓ : હિન્દુ અને અનુસૂચિત જાતિઓ વચ્ચેના આંતરજ્ઞાતીય લગ્નને પ્રોત્સાહન આપવા 'ડૉ. સવિતાબહેન આંતરજ્ઞાતીય લગ્ન સહાય યોજના' હેઠળ આર્થિક સહાય આપવામાં આવી છે.

  અનુસૂચિત જાતિઓની કન્યાઓના લગ્નપ્રસંગે તેમનાં માતાપિતા કે વાલીને મામેરા પેટે 'કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ કિસાન વિકાસ પત્ર ભેટ સ્વરૂપે આપવામાં આવે છે. અનુસૂચિત જાતિઓની વ્યક્તિને ઘર બાંધવા માટે 'ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ રાજ્ય સરકાર તરફથી સહાય આપવામાં આવે છે. લગ્નપ્રસંગે કરવામાં આવતા નિરર્થક ખર્ચને રોકવા અને કુટુંબનો આર્થિક વિકાસ કરવાના હેતુથી અનુસૂચિત જાતિઓ માટે 'માઈ રમાબાઈ આંબેડકર સાતફેરા સમૂહલગ્ન યોજના' અમલમાં મૂકવામાં આવી છે.
- 4 નગરપાલિકા અને મહાનગરપાલિકાના સફાઈ કામદાર, શૌચાલય સફાઈકામદાર અને અન્ય સફાઈકામદાર લોકો માટે સમૂહ વીમા યોજના હેઠળ 'ભારતીય જીવનવીમા નિગમ' દ્વારા વીમાની યોજના અમલમાં મૂકવામાં આવી છે. ગરીબી રેખા નીચે જીવતા અનુસૂચિત જાતિઓના પરિવારના સભ્યોના મૃત્યુ પ્રસંગે અંત્યેષ્ટિની ક્રિયા

માટે 'સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર જાવાગોજાર સહાય યોજના' હેઠળ આધિ  સહાય આપવામાં આવે છે. અનસૂચિત જાતિઓના સામાજિક બહિષ્કાર અને હિજરત જેવી પાનવસર્જિત આફતો વખતે પરિવારના કમાતા તેમજ ન કમાતા સભ્યોને આર્થિક સહાય આપવામાં આવે છે. (5) ટૂંક નોંધ લખો : મંડલ પંચનો અમલ અને પગલાં ભારત સરકારે 13 ઓગસ્ટ, 1900ના જાહેરનામાથી 'મંડલ કમિશન'ની ભલામણોનો અમલ કર્યો. આ જાહેરનામાથી ભારત સરકારની સનદી જગ્યાઓ અને સેવાઓમાં 'અન્ય પછાત વર્ગો માટે 27 ટકા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી.

- અનામત રાખવાની આ જોગવાઈનો ભારે વિરોધ થયો અને સર્વોચ્ચ અદાલતમાં અનામતની જોગવાઈઓને પડકારતી રિટપિટિશનો થઈ,  16 નવેમ્બર, 1992ના રોજ સર્વોચ્ચ અદાલતે 'અન્ય પછાત વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈઓ અંગેના બ6મતીથી આપેલા ચુકાદામાં નીચેની શરતો મૂકી. અનામત અંગેના જાહેરનામાનો અમલ કરવામાં અન્ય પછાત વર્ગો'માં જે વ્યક્તિઓ સામાજિક રીતે વિકસિત છે તેઓને અનામતના લાભો આપવા નહિ. સર્વોચ્ચ અદાલતે ભારત સરકાર અને બધાં રાજયોની સરકારોને આદેશ આપ્યો કે, 'અન્ય પછાત વર્ગો'ની યાદી અંગે લોકોની ફરિયાદો તથા રજૂઆતોને ધ્યાનમાં લઈ તેમાં આવશ્યક સુધારાવધારા કરવા માટે કાયમી તંત્ર ઊભું કરવું.
- સર્વોચ્ચ અદાલતના આદેશને ધ્યાનમાં રાખી ઈ. સ. 1993માં 'અન્ય પછાત વર્ગો માટે 'રાષ્ટ્રીય પંચ'ની રચના કરવામાં આવી. જરૂરિયાત મુજબ તેની પુનઃરચના કરવામાં આવે છે.  'અન્ય પછાત વર્ગોમાંથી વિકસિત વ્યક્તિઓને ઓળખી કાઢવા માટે ઈ. સ. 1999માં ભારત સરકારે નિષ્ણાતોની એક સમિતિ બનાવી. આ સમિતિનો હેતુ વિકસિત વ્યક્તિઓને 'અન્ય પછાત વર્ગો'ને મળતા અનામતના લાભોથી બાકાત રાખવાનો અને ખરેખર જરૂરિયાતવાળી વ્યક્તિઓ અનામતના લાભોથી બાકાત ના રહી જાય તે જોવાનો હતો.

## 10  ટૂંક નોંધ લખો : ગુજરાતમાં અન્ય પછાત વર્ગો (March 18)

- અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સિવાયના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વ્યક્તિઓને નક્કી કરવા માટે ગુજરાત સરકારે ઈ. સ. 1972માં એક પંચની રચના કરી.  આ પંચના અધ્યક્ષ તરીકે ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ અને કાયદાપંચના અધ્યક્ષ શ્રી એ. આર. બક્ષીની નિયુક્તિ કરવામાં આવી. આ પંચ 'બક્ષીપંચ' તરીકે જાણીતું બન્યું.  બક્ષીપંચે પછાત વ્યક્તિઓને નક્કી કરવા માટે નિષ્ણાતોની એક સમિતિની રચના કરી. આ સમિતિના એક સભ્ય તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ગુજરાતના સમાજશાસ્ત્રી આઈ. પી. દેસાઈ પણ હતા.
- બક્ષીપંચે કરેલા સર્વેક્ષણમાં આઈ. પી. દેસાઈએ ટેનિકલએરિયા કન્સલ્ટન્ટ' તરીકે માનદ સેવાઓ આપી હતી. ગુજરાત યુનિવર્સિટીના 'સમાજશાસ્ત્ર ભવનના અધ્યક્ષ તારાબહેન પટેલ અને એમની ટુકડીના સભ્યોએ બક્ષીપંચમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. બક્ષીપંચે કોઈ સમૂહના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતપણાને નક્કી કરવા માટે 'જ્ઞાતિ'ને એક એકમ તરીકે ગણી હતી. બક્ષીપંચે જુદા જુદા સમૂહોની આર્થિક, સામાજિક અને શૈક્ષણિક પરિસ્થિતિનો અભ્યાસ કરી તથા જુદા જુદા સમૂહોની રજૂઆતો સાંભળી 82 જ્ઞાતિઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણવાની ભલામણ કરી.  બક્ષીપંચે પોતાનો અહેવાલ ઈ. સ. 1976માં સરકારને સોંપ્યો. બક્ષીપંચે જે 82 જ્ઞાતિઓ, વર્ગો અને જુથોને સામાજિકઅને શૈક્ષણિક રીતે પછાત ગણવાની ભલામણ કરી તેને 'એસઈબીસી' ('સોસ્યલી ઍન્ડ ઍજ્યુકેશનલી બેકવર્ડ ક્લાસ') કહે છે.

- બક્ષીપંચે નક્કી કરેલી આ 82 જ્ઞાતિઓને ગુજરાત સરકારે સરકારી અને અર્ધસરકારી ખાતાંઓમાં તથા શિક્ષણ સંસ્થાઓમાં અનામત બેઠકો આપી. જે જ્ઞાતિઓને બક્ષીપંચની યાદીમાં સામેલ કરવામાં આવી ન હતી તેવી કેટલીક પછાત જ્ઞાતિઓએ પોતાની જ્ઞાતિનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિઓની યાદીમાં સમાવેશ કરવા માંગણી. કરી. આથી ગુજરાત સરકારે ઈ. સ. 1981માં સામાજિક અને આર્થિક પછાતપણું નક્કી કરવા ન્યાયમૂર્તિ રાણેના અધ્યક્ષપદે 'રાણે પંચ'ની નિમણૂક કરી.
- આ પછીના સમયગાળામાં 'ગોપાલકૃષ્ણ કમિશન' અને 'સુશાબહેન ભટ્ટ કમિશન'ની નિમણૂક કરવામાં આવી. ઈ. સ. 2004 સુધી ગુજરાતમાં 135 જ્ઞાતિઓનો સમાવેશઅન્ય પછાત વર્ગોની યાદીમાં કરવામાં આવ્યો છે. વર્તમાનમાં 'અન્ય પછાત વર્ગો'ની યાદીમાં 145 જ્ઞાતિઓ છે જેમને 27 ટકા લેખે શિક્ષણ, સરકારી નોકરી અને રાજકીય ક્ષેત્રે અનામતનો લાભ મળે છે. અનામતનો લાભ આપતી વખતે આવક મર્યાદાને ધ્યાનમાં લેવામાં આવે છે. ક્રિમીલેયરમાં આવતા લોકોને 'અન્ય પછાત વર્ગો'નો અનામતનો લાભ મળતો નથી.

## 11. ભારત અને ગુજરાતમાં અન્ય પછાત સમૂહો માં કલ્યાણ યોજનાઓની ટૂંકી માહિતી આપો. (March 19)

- ભારત અને ગુજરાતમાં અન્ય પછાત વર્ગો' માં કલ્યાણ યોજનાઓની માહિતી નીચે પ્રમાણે છે : 1, શૈક્ષણિક યોજનાઓ : આવક મર્યાદાને ધ્યાનમાં રાખી શાળા અને મહાશાળાઓમાં ટ્યૂશન ફી અને પરીક્ષા ફીમાંથી મુક્તિ આપવામાં આવે છે. જુદા જૂદા અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. શાળાઓના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવામાં આવે છે. ઉચ્ચ અભ્યાસ માટે ઓછા વ્યાજના દરે લોન આપવામાં આવે છે. સરકારી છાત્રાલયો અને આશ્રમશાળાઓમાં નિવાસી શાળાઓની સુવિધા કરી આપવામાં આવે છે. તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ પ્રગતિ માટે પ્રોત્સાહન આપવામાં આવે છે.
- 2. આર્થિક યોજનાઓ કુટિર ઉદ્યોગો સ્થાપવા અને સ્વરોજગારી માટે 'માનવ ગરિમા યોજના' હેઠળ નાણાકીય સહાય આપવામાં આવે છે. 'કાયદા' અને 'તબીબી' સ્નાતકોને પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે 4 ટકાના વ્યાજના દરે લોન આપવામાં આવે છે. શૈક્ષણિક વર્ગો અને કમ્પ્યુટરની તાલીમ માટે માસિક ધોરણે સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. આઈએએસ અને આઈપીએસના તાલીમ વર્ગો માટે સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે તથા આ પરીક્ષા માટેનાં પુસ્તકો ખરીદવા આર્થિક સહાય આપવામાં આવે છે.
- 3. અનામત નીતિ : અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને 'અન્ય પછાત વર્ગોના રક્ષણ અને વિવિધ કલ્યાણ પ્રવૃત્તિઓ ઉપરાંત અનામતની જોગવાઈ કરવામાં આવી અનામત નીતિ સમાજના નબળા વર્ગોની તરફેણમાં રક્ષિત ભેદભાવની નીતિ છે તથા સામાજિક વિષમતા અને ન્યાયનીસ્થાપના માટેનું કલ્યાણકારી પગલું છે. અનામત નીતિ અન્વયે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અને સરકારી નોકરીઓમાં વય મર્યાદામાં છૂટછાટ આપવામાં આવે છે.

## 12. ભારત અને ગુજરાતમાં અન્ય પછાત સમૂહો માટે કઈ 'યોજનાઓ' અમલમાં છે ?

- ભારત અને ગુજરાતમાં અન્ય પછાત વર્ગો માં કલ્યાણ યોજનાઓની માહિતી નીચે પ્રમાણે છે : 1, શૈક્ષણિક યોજનાઓ : આવક મર્યાદાને ધ્યાનમાં રાખી શાળા અને મહાશાળાઓમાં ટ્યૂશન ફી અને પરીક્ષા ફીમાંથી મુક્તિ આપવામાં આવે છે. જુદ જૂધ અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ આપવાનીજોગવાઈ કરવામાં આવી છે. શાળાઓના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવામાં આવે છે. ઉચ્ચ અભ્યાસ માટે ઓછા વ્યાજના દરે લોન આપવામાં આવે છે. સરકારી છાત્રાલયો અને આશ્રમશાળાઓમાં નિવાસી શાળાઓની સુવિધા કરી આપવામાં આવે છે. તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ પ્રગતિ માટે પ્રોત્સાહન આપવામાં આવે છે.
- 2. આર્થિક યોજનાઓ : કુટિર ઉદ્યોગો સ્થાપવા અને સ્વરોજગારી માટે 'માનવ ગરિમા યોજના હેઠળ નાણાકીય સહાય આપવામાં આવે છે. 'કાયદા' અને 'તબીબી' સ્નાતકોને પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે 4 ટકાના વ્યાજના દરે લોન આપવામાં આવે છે. શૈક્ષણિક વર્ગો અને કમ્પ્યુટરની તાલીમ માટે માસિક ધોરણે સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. આઈએએસ અને આઈપીએસના તાલીમ વર્ગો માટે સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે તથા આ પરીક્ષા માટેનાં પુસ્તકો ખરીદવા આર્થિક સહાય આપવામાં આવે છે.
- 3. અનામત નીતિ : અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોના રક્ષણ અને વિવિધ કલ્યાણ પ્રવૃત્તિઓ ઉપરાંત અનામતની જોગવાઈ કરવામાં આવી અનામત નીતિ સમાજના નબળા વર્ગોની તરફેણમાં રક્ષિત ભેદભાવની નીતિ છે તથા સામાજિક વિષમતા અને ન્યાયની સ્થાપના માટેનું કલ્યાણકારી પગલું છે. અનામત નીતિ અન્વયે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અને સરકારી નોકરીઓમાં વય મર્યાદામાં છૂટછાટ આપવામાં આવે છે.